**ફોજદારી ઈન્કવાયરી નં.૦૨/૨૦૨૨**

**:: આંક–૦૧ અન્વયે હુકમ ::**

(૧) આ કામના ફરીયાદી ધ્વારા આરોપી સર.ટી.હોસ્પીટલ, ભાવનગર ધ્વારા ડો.રફીયાબેન તેમજ ડો.આસ્થા તથા જવાબદાર વ્યકિતઓ સામે ઈ.પી.કો.કલમ–૧૬૭, ૩૦૪, ૩૪ તથા ૧૧૪ તેમજ પ્રિવેન્શન ઓફ એટ્રોસીટી નીકલમ–૪(૧) તેઓએ હાલની ખાનગી ફરીયાદ દાખલ કરેલ છે. ફરીયાદ મુજબ ફરીયાદીના મોટા બહેન ગીતાબેનના લગ્ન ગારીયાધાર તાલુકાના નાના વાવડી ગામના હસમુખભાઈ સાથે થતા. તેઓ સર્ગભા થતા ગારીયાધાર સી.એચ.સી.માં તેઓને મમતા કાર્ડ આપવામાં આવેલ છે જેનો તેઓનું બ્લડ ગ્રેડ એ–નેગેટીવ જણાવવામાં આવેલ. ત્યારબાદ તેણીના પ્રસુતી માટે તેણીને ભાવનગર સર.ટી.હોસ્પીટલમાં દાખલ કરવામાં આવેલ. જયાં સારવાર કરનાર ડોકટરો ધ્વારા બ્લડ બેન્કમાંથી બી–નેગેટીવ બ્લડ ગ્રુપ મંગાવી તેઓને ડીલવરી બાદ લોહી ન અટકતા ડોકટરોએ સારવાર દરમ્યાન બેદરકારી દાખવી બી–નેગેટીવ લોહી ચડાવવાના કારણે ગીતાબેનનું અવસાન થયેલ. જે અંગે ફરીયાદીએ નિલમબાગ પોલીસ સ્ટેશનમાં તા.૦૬/૦૫/૨૦૨૨ ના રોજ તથા કલેકટરશ્રી સમક્ષ તા.૦૯/૦૫/૨૦૨૨ તથા ડી.એસ.પી., ભાવનગરને તા.૨૧/૦૬/૨૦૨૨ ના રોજ ફરીયાદ અરજી આપેલ હોવા છતાં કોઈ કાર્યવાહી ન થતા હાલની ખાનગી ફરીયાદ દાખલ કરેલ છે અને આરોપી જવાબદાર વ્યકિત વિરુધ્ધ કાર્યવાહી કરવા દાદ માંગેલ છે.

(૨) આ કામના ફરીયાદી ધ્વારા પોલીસમાં અગાઉ ફરીયાદ આપેલ હોય જેથી મારા પુરોગામી ન્યાયધીશ ધ્વાર સી.આર.પી.સી.ની કલમ–૨૧૦ અન્વયે પોલીસ રીપોર્ટ મંગવવામાં આવેલ છે જે તપાસ કરનાર અમલદાર ધ્વારા તા. ૦૯/૦૬/૨૦૨૩ ના રોજ તપાસના કાગળો સાથે પોલીસ રીપોર્ટ રજુ કરેલ છે. જે વંચાણે લેવામાં આવેલ છે. પોલીસ રીપોર્ટ અનુસર તેઓએ નિષ્ણાંતો પાસે તથા મેડીકલ અંગેના જાણકાર પાસેથી અભિપ્રાયો મેળવેલ છે અને ગીતાબેન હસમુખભાઈ સોલંકીનું મૃત્યુ બ્લડગ્રુપ

સંબંધે મૃત્યુ થયેલ નહી હોવાનું તારણ આપેલ છે.

(૩) ફરીયાદ સંબંધે ફરીયાદીના વિ.વકીલશ્રી જે.કે.મહેતાને સાંભળ્યા. જેઓની મુખ્ય રજુઆત છે કે, પોલીસ તપાસ દરમ્યાન પણ આ કામે મરણ જનાર ગીતાબેનનું મૃત્યુ બે અલગ–અલગ બ્લડ ગ્રુપ ચડાવવાના કારણે થયેલ હોવાનું ફલિત થાય છે. આથી પોલીસ તપાસના કાગળો જોતાં સર.ટી.હોસ્પીટલની ખામી હોવા છતાં પોલીસ તપાસ દરમ્યાન સર.ટી.હોસ્પીટલ, ભાવનગરના જ તબીબો પાસેથી અભિપ્રાય મેળવેલ હોય જે દુષીત હોય અને આરોપીને લાભ કરાવવાના ઈરાદા વાળો હોય જેથી પોલીસે યોગ્ય તપાસ કરેલ નથી. જેથી આરોપીઓને યોગ્ય સજા થાય તથા ફરીયાદીને ન્યાય મળે તે હુતેથી આરોપી વિરુઘ્ધ યોગ્ય હુકમ થવા મુખ્યત્વે દલીલ કરેલ છે.

(૪) આ કામે પોલીસ રીપોર્ટને ઘ્યાને લેવામાં આવે તો પોલીસ રીપોર્ટ તથા તપાસના કાગળોથી સ્પષ્ટ થાય છે કે, મરણજનારનું બ્લડ ગ્રેપ એ–નેગેટીવ હોવાનું ગારીયાધારના સી.એચ.સી.ના જે–તે સમયના કર્મચારી ઘ્વારા જણાવવામાં આવેલ છે તેમજ સર.ટી.હોસ્પીટલ, ભાવનગર ખાતે જે સારવાર ગીતાબેનને લેવામાં આવેલ તે સમયે ગીતાબેનને બી–નેગેટીવ લોહી ચડાવવામાં આવેલ હોય તે અંગેના પ્રિસ્ક્રીપ્શન લખી આપવામાં આવેલ હોય તેવું જણાય આવેલ છે. જયારે કોઈ પણ વ્યકિત કોઈ પણ સામાન્ય અભણ વ્યકિત કે જેને બ્લડ ગ્રુપ સંબંધે માહિતી ન હોય ત્યારે સરકારી હોસ્પીટલમાં ડોકટરો તથા લેબોરેટરીના નિષ્ણાંત વ્યકિતઓ બ્લડ ગ્રુપ ચર્ચા કર્યા બાદ જ તે વ્યકિતને તેને યોગ્ય લાગુ પડતું હોય તે બ્લડ ચડાવતા હોય છે. હાલના કેસમાં પ્રથમ દર્શનીય રીતે મેડીકલ ઓફીસરો જે ગીતાબેનની સારવાર કરી રહેલ હતા તેની લોહી આપનાર લેબોરેટરી બ્લડ બેન્કના જવાબદાર વ્યકિતઓની પ્રાથમિક બિનજવાબદારી ભર્યું વર્તન તથા કાર્યવાહી જણાય આવે છે. આમ, પોલીસ રીપોર્ટના કાગળો જોતાં જ આ કામે મરણજનારને તેના કુદરતી લોહીના સ્થાને અન્ય લોહી ચડાવેલ હોય તેવું સ્પષ્ટ જણાય આવતું હોય તે સંજોગોમાં આરોપીઓ વિરુઘ્ધ કોગ્નીઝન્સ લેવું ન્યાયોચિત જણાતા હાલની ફરીયાદ સંબંધે નીચે મુજબનો હુકમ

કરવામાં આવે છે.

**-: હુકમ :-**

આ કામની ફરીયાદમાં જણાવેલ આરોપીઓ તેમજ સર.ટી.હોસ્પીટલ, ભાવનગરના બનાવ સમયે ગુજરનાર ગીતાબેનની સારવાર કરનાર તથા તે સંબંધે 'બી-નેગેટીવ'લોહીની ચકાસણી કરી અને લોહી મંગાવી અને તે ચડાવી અને પોતાની નિષ્કાળજી દર્શાવેલ હોય તેવા તમામ સર.ટી.હોસ્પીટલ, ભાવનગરના કર્મચારી વિરુધ્ધ ક્રિમીનલ પ્રોસીજર કોડની કલમ-૧૫૬(૩)અન્વયે કોગ્નીન્ઝ લઈ અને તેઓના વિરુધ્ધ ફરીયાદ નોંધી નાયબ પોલીસ અધિક્ષક, એસ.સી./એસ.ટી. સેલએ દિન-૯૦ માં તેઓના વિરુધ્ધ ચાર્જશીટ કરવાનો આદેશ કરવામાં આવે છે.

આ હુકમ આજરોજ તા.૦૩'થી, માહે-જુલાઈ, સને ૨૦૨૬ ના રોજ ખુલ્લી અદાલતમાં વાંચી, સંભળાવી જાહેર કર્યો.

તા.૦૩/૦૭/૨૦૨૬
સ્થળ-ભાવનગર.

**(જીગ્નેશ ગિરીશભાઈ દામોદ્રા)**
પાંચમાં એડીશનલ ડિસ્ટ્રીકટ એન્ડ સેશન્સ જજ, ભાવનગર.
U.I.C. No. GJ00996

*MITUL POPAT*